


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 28 ■ તા. 12-07-2026 ■ રવિવાર ■ પાના - 4 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

# પરમાણુ અંગે ઈરાનની નવી ચાલથી અમેરિકા-ઈઝરાયલ ટેન્શનમાં

## ૨૧ જૂનની સેટેલાઈટ તસવીરોમાં આ પહાડી વિસ્તારમાં આવેલી ગુપ્ત સુરંગોની અંદર અને બહાર અનેક વાહનોની અવરજવર થતી હોવાનું સામે આવ્યું છે

તહેરાન, તા.૧૧

એક તરફ અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ મુદ્દે ફરીથી વાતચીત શરૂ થવાના સંકેતો મળી રહ્યા છે, તો બીજી તરફ ઈરાને પડદા પાછળ પોતાની સૈન્ય તાકાત વધારવાની નવી ચાલ શરૂ કરી દીધી છે. આ આખા ઘટનાક્રમે અમેરિકા અને ઈઝરાયલ બંને દેશોની ચિંતામાં મોટો વધારો કર્યો છે.એક મીડિયા રિપોર્ટમાં સામે આવેલી સેટેલાઈટ તસવીરો પરથી ખુલાસો થયો છે કે, ઈરાનના કેટલાક અત્યંત સંવેદનશીલ પરમાણુ મથકો અને મિસાઈલ ઠેકાણાઓ પર અચાનક નવી હલચલ વધી ગઈ છે. આ તસવીરો સ્પષ્ટપણે એવો ઈશારો કરે છે કે તાજેતરમાં અમેરિકન અને ઈઝરાયલી હુમલામાં ઈરાનની જે સૈન્ય સંપત્તિને નુકસાન પહોંચ્યું હતું, તેને ફરીથી બેઠી કરવા અને આ ગુપ્ત ઠેકાણાઓનું પુનઃનિર્માણ કરવા માટે ઈરાન અત્યારે પૂરેપૂરું જોર લગાવી રહ્યું છે.આ આખી ઘટના વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે એક મોટું નિવેદન આપતા જણાવ્યું હતું કે, ઈરાને અમેરિકા સાથે વાતચીત ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે અને વોશિંગ્ટન પણ તેના માટે તૈયાર છે. જોકે, ટ્રમ્પે અત્યંત કડક શબ્દોમાં એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે બંને દેશો વચ્ચે થયેલો યુદ્ધવિરામ હવે સત્તાવાર રીતે પૂરો થઈ ગયો છે.તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'ઈરાને અમને વાતચીત આગળ વધારવા માટે કહ્યું છે અને અમે તેના માટે સહમતી આપી દીધી છે, પરંતુ અમે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે સીઝફાયર હવે ખતમ થઈ ચૂક્યું છે.' આ સ્થિતિ દર્શાવે છે કે એક તરફ શાંતિની વાતો ચાલી રહી છે, તો બીજી તરફ બંને પક્ષો ભારે તણાવ પણ યથાવત છે.વિઝ્યુઅલ રિસર્ચ અનુસાર, જૂન મહિનાના અંતમાં અને જુલાઈની શરૂઆતમાં લેવામાં આવેલી સેટેલાઈટ તસવીરોમાં ઈરાનના અનેક પ્રતિબંધિત અને સંવેદનશીલ વિસ્તારોમાં મોટી ગતિવિધિઓ નોંધાઈ છે.



સૌથી વધુ હલચલ 'પારચિન સૈન્ય સંકુલ'ના 'તાલેઘાન-૨' વિસ્તારમાં જોવા મળી છે. સંરક્ષણ ક્ષેત્રના એક્સપર્ટ્સનું માનવું છે કે ભૂતકાળમાં આ જગ્યાનો ઉપયોગ પરમાણુ હથિયારો સાથે જોડાયેલી સામગ્રી રાખવા માટે થતો હતો. ૨૨ જૂન અને ૭ જુલાઈની તસવીરોની સરખામણી કરતાં માલૂમ પડ્યું છે કે, અમેરિકન અને ઈઝરાયલી હુમલામાં આ સંકુલના જે હિસ્સાને ભારે નુકસાન થયું હતું, ત્યાં ઈરાને અચાનક જ સમારકામ અને પુનઃનિર્માણનું કામ ખૂબ જ ઝડપથી શરૂ કરી દીધું છે.આ અહેવાલમાં 'પિકએક્સ માઉન્ટેન'નો પણ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને ઈરાનનું સંભવિત અંડરગ્રાઉન્ડ પરમાણુ ઠેકાણું માનવામાં આવે છે. ૨૧ જૂનની સેટેલાઈટ તસવીરોમાં આ પહાડી વિસ્તારમાં આવેલી ગુપ્ત સુરંગોની અંદર અને બહાર અનેક વાહનોની અવરજવર થતી હોવાનું સામે આવ્યું છે. આ નવીનતમ તસવીરો સામે આવ્યા બાદ હવે વૈશ્વિક સ્તરે એવી અટકળો તેજ થઈ ગઈ છે કે ઈરાન કોઈપણ ભોગે પોતાના અંડરગ્રાઉન્ડ પરમાણુ મથકોને ફરીથી સક્રિય અને મજબૂત કરવાની કોશિશમાં લાગી ગયું છે, જે આગામી સમયમાં મધ્ય-પૂર્વમાં મોટા યુદ્ધના સંકેત આપી રહ્યું છે.

### ન્યુઝીલેન્ડમાં મોદીએ જૂની યાદોને તાજી કરી

# ૨૫-૩૦ વર્ષ પહેલા મને ભેટમાં મળેલું મફલર આજે પણ મેં સાચવીને રાખ્યું છે

## મોદીએ ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ભારતીય સમુદાયના કાર્યક્રમમાં હાજરી આપી અને ભારતીયોને સંબોધિત કર્યા









ઓકલેન્ડ, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ભારતીય સમુદાયના કાર્યક્રમમાં હાજરી આપી અને ભારતીયોને સંબોધિત પણ કર્યા. કોમ્યુનિટી ઈવેન્ટમાં ભારતીય સમુદાય સમક્ષ પોતાની ખુશી વ્યક્ત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ×આજે ૪૦ વર્ષ પછી કોઈ ભારતીય વડાપ્રધાન ન્યુઝીલેન્ડ આવ્યા છે. આ મારું ખૂબ મોટું સૌભાગ્ય છે કે હું તમારા માટે ૧૪૦ કરોડ ભારતીયોની શુભેચ્છાઓ લઈને આવ્યો છું.× આ દરમિયાન પીએમ મોદીએ મંચ પરથી પોતાની એક ૨૫-૩૦ વર્ષ જૂની વાત ભારતીયોને જણાવી, જે દરેકના દિલને સ્પર્શી ગઈ.

પીએમ મોદીએ ૨૫થી ૩૦ વર્ષ જૂની તે યાદને તાજી કરી, જ્યારે તેઓ ભારતની સક્રિય રાજનીતિ કે સરકારના ભાગ નહોતા અને જાહેર જીવનમાં કોઈ તેમને ઓળખતું પણ નહોતું.

વડાપ્રધાન મોદીએ તે સમયને યાદ કરતાં ભાવુક થઈને કહ્યું કે, ×આ વડાપ્રધાન તરીકે આ મારી પહેલી યાત્રા હોઈ શકે છે, પરંતુ ૨૫-૩૦ વર્ષ પહેલાં, જ્યારે હું કોઈ સરકારનો ભાગ નહોતો અને જાહેર જીવનમાં મને કોઈ ઓળખતું નહોતું, ત્યારે મને ન્યુઝીલેન્ડ આવવાનો અવસર મળ્યો હતો. તે વખતે મને એક મફલર અને એક ટોપી ભેટમાં મળી હતી. આજે હું તે જ મફલર પહેરીને તમારી વચ્ચે આવ્યો છું. આ મને ૨૫-૩૦ વર્ષ પહેલાં ન્યુઝીલેન્ડના એક સાથીએ ભેટમાં આપ્યું હતું. મેં વર્ષો સુધી તેનો ઉપયોગ કર્યો છે અને આજે પણ તેને એવી જ રીતે સાચવીને રાખ્યું છે, જેવી રીતે હું તમે બધાના પ્રેમને સાચવીને રાખું છું.×

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના મજબૂત કૂટનીતિક અને સાંસ્કૃતિક સંબંધો પર ભાર આપીને PM મોદીએએ કહ્યું કે, આ સંબંધોના મૂળ ઘણા ઊંડા છે. તેમણે કહ્યું, ×ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના સંબંધોમાં યાદો પણ છે, દોસ્તી પણ છે, મૂલ્યો પણ છે અને એક પ્રતિબદ્ધતા પણ છે.×પીએમ મોદીએ કહ્યું કે, ×દરેક યુગમાં, દરેક સમયમાં ભારતે પોતાને પરિવર્તિત (TRANSFORM) કર્યું છે અને તેનું કારણ છે અમારી શીખવાની તલપ. ભારત દરેક પાસેથી શીખે છે. અમારા માટે સામેના દેશની વસ્તી નહીં, પરંતુ જનકલ્યાણની ભાવના મહત્ત્વની છે. તેથી અમે ન્યુઝીલેન્ડ પાસેથી પણ ઘણું શીખ્યા છીએ. ન્યુઝીલેન્ડ એવો દેશ છે જેણે સૌથી પહેલા મહિલાઓને મતાધિકાર આપ્યો હતો. આજે અમે જોઈએ છીએ કે ન્યુઝીલેન્ડમાં મહિલાઓ ખૂબ મોટા પાયે યોગદાન આપી રહી છે. ભારત પણ આજે 'મહિલા નેતૃત્વ વિકાસ'ના મંત્ર સાથે મહિલાઓ માટે નવી તકોનાં દ્વાર ખોલી રહ્યું છે.×પીએમ મોદીએ કહ્યું, ×ન્યુઝીલેન્ડ એવી જગ્યા છે, જ્યાં રસ્તાઓ પર પણ ભારતીય શહેરોને સન્માન આપવામાં આવ્યું છે. ક્યાંક ખંડાલા છે, ક્યાંક બોમ્બે હિલ્સ છે, ક્યાંક કોરોમંડલ છે, ક્યાંક કલકત્તા સ્ટ્રીટ છે, ક્યાંક દિલ્હી ક્રિસેન્ટ છે, તો ક્યાંક અમૃતસર સ્ટ્રીટ છે... આવા અનેક નામ છે. અહીં રહેતાં-રહેતાં તમે પણ પૂરા કીવી બની ગયા છો અને ન્યુઝીલેન્ડના નેતાઓ સાથે જ્યારે પણ મુલાકાત થાય છે ત્યારે તેઓ તમારી પ્રશંસા કરે છે. તમારી પ્રશંસા થાય છે અને મારું માથું ગર્વથી ઊંચું થાય છે.×

આ અવસરે ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને પીએમ મોદીની ખૂબ પ્રશંસા કરી. તેમણે પીએમ મોદીના જીવનનો ઉલ્લેખ કરતાં કહ્યું, ×તેઓ (પીએમ મોદી) અત્યંત સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી ઊઠીને વિશ્વના સૌથી મોટા લોકતંત્રનું નેતૃત્વ કરવા પહોંચ્યા છે.

### ટ્રેનો સહિત કુલ ૩૦ રેલ સેવાઓ સંપૂર્ણપણે રદ કરાઈ

# મેઘતાંડવ વચ્ચે મુંબઈ-પૂણે રેલવે રુટ પર ભારે ભૂસ્ખલનને કારણે ૩૦ ટ્રેનો ૭ દિવસ માટે રદ

## અકસ્માત અને ટ્રેનો રદ થવાને કારણે દૈનિક અપડાઉન કરતા અને બહારગામ જતા હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા





નવી દિલ્હી, તા.૧૧

ભોર ઘાટ સેક્શનમાં થયેલા ભારે ભૂસ્ખલનને કારણે મુંબઈ-પૂણે રેલ માર્ગ પરનો વાહનવ્યવહાર ૧૭ જુલાઈ સુધી ગંભીર રીતે પ્રભાવિત રહેશે. મધ્ય રેલવે દ્વારા આ રૂટ પર દોડતી ૧૪ દૈનિક ટ્રેનો, ૮ સ્પેશિયલ તારીખો પર ચાલતી ટ્રેનો અને ૮ સ્પેશિયલ ટ્રેનો સહિત કુલ ૩૦ રેલ સેવાઓ સંપૂર્ણપણે રદ કરી દેવામાં આવી છે. રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થાનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

આ અકસ્માત અને ટ્રેનો રદ થવાને કારણે દૈનિક અપડાઉન કરતા અને બહારગામ જતા હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. રદ કરવામાં આવેલી મુખ્ય ટ્રેનોમાં ડેક્કન ક્વીન, ડેક્કન એક્સપ્રેસ, મુંબઈ-પૂણે ઈન્ટરસિટી એક્સપ્રેસ, સીએસએમટી-હૈદરાબાદ એક્સપ્રેસ, ચેન્નઈ એગ્મોર સુપરફાસ્ટ મેઈલ અને હુબ્બલી-દાદર એક્સપ્રેસ જેવી મહત્ત્વની ટ્રેનોનો સમાવેશ થાય છે.ગત ૬ જુલાઈના રોજ પડેલા મુશળધાર વરસાદને પગલે કર્જત અને લોનાવાલા વચ્ચે આવેલા ઠાકુરવાડી તેમજ મંકી હિલ વિસ્તારમાં અનેક જગ્યાએ ભેખડો ધસી પડી હતી. આ ભૂસ્ખલનના કારણે રેલવેની ત્રણેય લાઈનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. હાલમાં રેલવે વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, દુર્ગમ પહાડી વિસ્તાર અને પ્રતિકૂળ પરિસ્થિતિઓને કારણે કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે.

અત્યાર સુધીમાં ત્રણમાંથી માત્ર એક જ લાઈન પુનઃસ્થાપિત કરી શકાઈ છે, જ્યારે બાકીની બે લાઈનો પર કામ હજુ પણ ચાલુ છે.ટ્રેનો રદ થવાને કારણે મુસાફરોને પડતી હાલાકી ઓછી કરવા માટે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ શનિવારથી મુંબઈ-પૂણે માર્ગ પર દરરોજ ૨૦૦ વધારાની બસ સેવાઓ શરૂ કરશે. આ રૂટ પર પહેલાથી જ ૩૧૨ ઈ-શિવનેરી બસો ચાલી રહી છે, ત્યારે આ નવી વધારાની બસો શરૂ થવાથી મુસાફરો કોઈપણ હાલાકી વગર અને સરળતાથી મુસાફરી કરી શકશે.

### ૧૬૦૦ સિરીઝના કોલ નિયમનકારી સંસ્થાઓ તરફથી આવે છે

# કોઈ પણ એપ્લિકેશન ૧૬૦૦ નંબરની સિરીઝના કોલ બ્લોક ના કરી શકે : ટ્રાઈ

## ૧૪૦ સિરીઝના પ્રમોશનલ કોલ કોઈ એપ નહીં પરંતુ ડીએનડી રજિસ્ટ્રી જ બ્લોક કરી શકે : ટ્રાઈની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૧૧

કોઈ પણ એપ ૧૬૦૦ નંબરની સિરીઝથી આવનારા ફોન કોલને બ્લોક કરી શકતી નથી. આ સિરીઝવાળા ફોન કોલ રેગ્યુલેટેડ સંસ્થાઓ અને સરકાર દ્વારા નાગરિકોથી વાતચીત માટે હોય છે તેમ ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું છે.ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)એ વધુમાં સ્પષ્ટતા કરી છે કે ૧૪૦ નંબરની સિરીઝથી આવતા પ્રમોશનલ કોલને કોઈ એપ ટેગ કે ફિલ્ટર કરી શક્તા નથી અને તેમને ફક્ત ડીએનડી રજિસ્ટ્રી જ બ્લોક કરી શકે છે. જેને રગ્યુલેટર મેનેજ કરે છે .

ટેલિકોમ કોમર્શિયલ કોમ્યુનિકેશન્સ કસ્ટમર પ્રેફરેન્સ રેગ્યુલેશન (ટીસીસીસીપીઆર) હેઠળ ૧૫૦૦ સિરીઝની નંબરથી આવતા કોલને ટેગ કરવા, બ્લોક કરવા કે ફિલ્ટર કરવાની મંજૂરી નથી.રેગ્યુલેટરે જણાવ્યું છે કે તેણે આરબીઆઈ, સેબી, આઈઆરડીએઆઈ અને પીએફઆરડીએ દ્વારા રેગ્યુલેટેડ બેકિંગ, ફાઈનાન્સિયલ સર્વિસ અને વીમા કંપનીઓને પોતાના વર્તમાન કસ્ટમર માટે સર્વિસ અને ટ્રાન્ઝેકશન કોલ માટે ૧૬૦૦ સિરીઝનાં નંબરોનો ઉપયોગ જરૂરી બનાવી દીધું છે, સરકારની નાગરિકો સાથે વાતચીત માટે પણ સરકારી કંપનીઓ ૧૬૦૦ નંબરની સિરીઝનો ઉપયોગ કરે છે.રેગ્યુલેટરે જણાવ્યું છે કે જરૂરી વાતચીત માટે ખાસ સિરીઝ આપવાનો ઉદ્દેશ નાગરિકો માટે આવા કોલને વિશ્વાસપાત્ર બનાવવાનો છે.

# સ્વતંત્રતા દિવસની ઉજવણી વચ્ચે બહામાસમાં ભયાનક પ્લેન ક્રેશ

## અકસ્માતના ચોક્કસ કારણો જાણવા માટે બહામાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન ઓથોરિટી દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૧

કેરેબિયન ટાપુ સમૂહ દેશ બહામાસમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. દેશ જ્યારે પોતાની આઝાદીની ઉજવણીમાં ડૂબેલો હતો, ત્યારે જ સર્જાયેલા એક પ્લેન ક્રેશમાં તેમાં સવાર તમામ ૧૦ લોકોના મોત નીપજ્યા હતા. આ મોટી દુર્ઘટના બાદ બહામાસ સરકારે 'ફ્લેમિંગો એર' ની તમામ ફ્લાઈટ્સ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકી દીધો છે.મળતી માહિતી મુજબ, આ અકસ્માત શુક્રવારે બહામાસની રાજધાની નાસાઉના પશ્ચિમ ભાગમાં આવેલા ઉત્તર એન્ડ્રોસ નજીક સર્જાયો હતો. બહામાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન ઓથોરિટી ના જણાવ્યાનુસાર, સેસ્ના ૪૦૨ જે બહામાસમાં જ રજિસ્ટર્ડ હતું. આ વિમાને રાજધાની નાસાઉના 'લિન્ડેન પિંડલિંગ આંતરરાષ્ટ્રીય વિમાનમથક' પરથી ઉડાન ભરી હતી અને તે સાન એન્ડ્રોસ જઈ રહ્યું હતું. જ્યારે વિમાન પોતાના ગંતવ્ય સ્થાને પહોંચે તે પહેલા જ તે ક્રેશ થઈ ગયું હતું.બહામાસના પ્રધાનમંત્રી ફિલિપ બ્રેવ ડેવિસે શરૂઆતમાં માહિતી આપી હતી કે અકસ્માતમાં એક વ્યક્તિનો જીવ બચી ગયો છે. પરંતુ, ત્યારપછી યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે પુષ્ટિ કરી હતી કે ગંભીર ઈજાઓના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન એ એકમાત્ર બચેલી વ્યક્તિએ પણ દમ તોડી દીધો છે.

12-07-2026_28 Jan Fariyad_New_P-1

## એએમએ દ્વારા શા માટે સસ્ટેનેબિલિટી એ આગામી ઔદ્યોગિક ક્રાંતિ છે વિષય પર પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા ડૉ. અનિલ પ્રકાશ જોશી દ્વારા સંબોધિત એએમએના ત્રીજા હેનરી રોવાન મેમોરિયલ લેક્ચરનું આયોજન કરાયું



અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા ઈન્ડક્ટોથર્મ-એએમએ સ્કૂલ ઓફ ટીપીએમ એન્ડ મેન્યુફેક્ચરિંગ એક્સેલન્સના નેજા હેઠળ એએમએ ખાતે ×શા માટે સસ્ટેનેબિલિટી આગામી ઔદ્યોગિક ક્રાંતિ છે× વિષય પર ત્રીજા હેનરી રોવાન મેમોરિયલ લેક્ચર

નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા અને જાણીતા પર્યાવરણવિદ ડૉ. અનિલ પ્રકાશ જોશી (સ્થાપક, હિમાલયન એન્વાયર્નમેન્ટલ સ્ટડીઝ એન્ડ કન્ઝર્વેશન ઓર્ગેનાઈઝેશન) દ્વારા આ વિષય પર સંબોધન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાન બાદ, મુખ્ય અતિથિ ડૉ. અનિલ પ્રકાશ જોશીએ ડેટા એનાલિટિક્સ એન્ડ પાવર બીઆઈ; આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ફોર બિઝનેસ મેનેજર્સ; અને બિઝનેસ મેનેજમેન્ટના એડવાન્સ સર્ટિફિકેટ પ્રોગ્રામના વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા અને અભિનંદન પાઠવ્યા હતાં. વિવિધ ક્ષેત્રોમાં એએમએના એડવાન્સ સર્ટિફિકેટ પ્રોગ્રામ્સે કારકિર્દીની પ્રગતિ માટે એક અજોડ માર્ગ પ્રસ્થાપિત કર્યો છે.

આ વ્યાખ્યાન પરંપરાગત, સંસાધનોનો નાશ કરતા મેન્યુફેક્ચરિંગ મોડલ્સમાંથી ઈકોસિસ્ટમ-સમાવિષ્ટ (પર્યાવરણ-અનુકૂળ) અર્થતંત્ર તરફના મહત્વપૂર્ણ બદલાવ પર કેન્દ્રિત હતું. ડૉ. જોશીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સાચી આર્થિક સ્થિરતા અને લાંબાગાળાનો વિકાસ ત્યારે જ ટકી શકે જો ઔદ્યોગિક પ્રગતિની સાથે સાથે પર્યાવરણીય સ્વાસ્થ્યનું પણ સંતુલન જાળવવામાં આવે. તેમણે નોંધ્યું કે વ્યાપારીકરણ હવે પર્યાવરણીય મુદ્દાઓને પાછળ ધકેલી શકે નહીં. ગ્રોસ એન્વાયરમેન્ટલ પ્રોડક્ટ (જીઈપી)ના ખ્યાલની શરૂઆત કરવા માટે જાણીતા, ડૉ. જોશીએ કુદરતી મૂડી—જેવી કે હવા, પાણી, જમીન અને જંગલની ગુણવત્તાને જીડીપીની સમાંતર વિકાસના માપદંડ તરીકે માપવાની હિમાયત કરી હતી.

તેમની મૂળભૂત ફિલસૂફી સ્થાનિક આત્મનિર્ભરતા અને ગ્રાઉન્ડરૂટ ઈનોવેશન પર આધારિત છે, જે એ વાત પર ભાર મૂકે છે કે ઔદ્યોગિકરણના આગામી યુગે કેવળ વ્યાપારી માનસિકતાથી આગળ વધીને એ જ સંસાધનોને સક્રિયપણે પુનર્જીવિત અને સુરક્ષિત કરવા પડશે જે માનવ અસ્તિત્વ અને આર્થિક વ્યવહારક્ષમતાને બળ પૂરું પાડે છે. વધુ વિગતો માટે કૃપા કરીને એએમએનો ૦૭૯-૨૬૩૦૮૬૦૧ પર સંપર્ક કરો અથવા એએમએ વેબસાઈટની મુલાકાત લો: www.amaindia.rog

### FSL ટેસ્ટ અને કબ્જે કરાયેલો માલસામાન

# વેજલપુરમાં SOG ના દરોડામાં લાખોના ગાંજા અને રોકડ ઝડપાઈ

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ શહેરમાં આગામી સમયમાં યોજાનારી જગન્નાથજીની ભવ્ય રથયાત્રાને લઈને પોલીસ તંત્ર એલર્ટ પર છે, ત્યારે અસામાજિક તત્વો અને નશાના સોદાગરો સામે એન્ટી-નાર્કોટિક્સ ડ્રાઈવ તેજ કરવામાં આવી છે. આ જ ઝુંબેશ અંતર્ગત અમદાવાદ એસઓજીની ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, વેજલપુર વિસ્તારમાં રહેતો ઈકબાલ ઉર્ફે શાહરૂખ ગુફ્ફારભાઈ શેખ નામનો ઈસમ પોતાના મકાનમાં મોટા પાયે નશાકારક પદાર્થનો જથ્થો છુપાવીને રાખે છે અને ત્યાંથી નાના ગ્રાહકો તથા છૂટક વેપારીઓને વેચવા માટે ગાંજાની નાની-નાની પડીકીઓ (પોકેટ) તૈયાર કરી રહ્યો છે. બાતમીના આધારે SOG ની ટીમે આઈડેન્ટિફાઈડ મકાન પર ઓચિંતો દરોડો પાડ્યો હતો.

પોલીસ સર્ચ ઓપરેશન દરમિયાન મકાનમાંથી શંકાસ્પદ વનસ્પતિજન્ય પદાર્થનો મોટો જથ્થો મળી આવ્યો હતો. કાયદાકીય પ્રક્રિયાને મજબૂત કરવા માટે પોલીસે તાત્કાલિક એફએસએલના વૈજ્ઞાનિકોને ઘટનાસ્થળે બોલાવ્યા હતા. એફએસએલની હાજરીમાં કરવામાં આવેલા પ્રાથમિક કેમિકલ પરીક્ષણમાં આ જથ્થો પ્રતિબંધિત નાર્કોટિક્સ 'ગાંજો' હોવાનું પ્રમાણિત થયું હતું, જેનું કુલ વજન ૭.૧૨૦ કિલોગ્રામ નોંધાયું હતું. આ ઉપરાંત, મકાનની તલાશી લેતા પોલીસને ડ્રગ મની હોવાની આશંકા ધરાવતી ૨૫ લાખની અધધ રોકડ રકમ પણ મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી નાર્કોટિક્સ ડિજિટલ વજન કાંટો, કટર, પેકિંગ મટીરીયલ, મોબાઈલ ફોન તેમજ આરોપીની ઓળખ માટેના જરૂરી દસ્તાવેજો કબ્જે લીધા છે.પકડાયેલા આરોપી શાહરૂખ શેખની જ્યારે એસઓજી કસ્ટડીમાં કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે તે આ ગાંજાનો જથ્થો રાનીપુર વિસ્તારમાં રહેતા રાજુભાઈ નામના મુખ્ય ડ્રગ સપ્લાયર પાસેથી ખરીદીને લાવ્યો હતો. આ ખુલાસા બાદ પોલીસે ડ્રગ સપ્લાય ચેઈનના મુખ્ય સૂત્રધાર રાજુભાઈને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આરોપી વિરુદ્ધ વેજલપુર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ (NDPS) એક્ટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(બી) અને ગુનાહિત કાવતરાની કલમ ૨૯ હેઠળ સત્તાવાર ગુનો દાખલ કર્યો છે.

### લોકોને સલામત અને ઉપરવાસના વિસ્તારોમાં ખસી જવા અપીલ

# ભવસાગર ડેમનો દરવાજો તૂટતા પૂરનું જોખમ

ભાવનગર,તા.૧૧

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં આવેલા અને પંથકની જીવાદોરી સમાન ભવસાગર ડેમમાંથી એક અત્યંત ચિંતાજનક દુર્ઘટના સામે આવી છે. ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની આવક વચ્ચે ડેમની જાળવણીમાં મોટી ચૂક થઈ હોવાનું સામે આવ્યું છે. સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભવસાગર ડેમના ૧૫ નંબરના ગેટને ઓપરેટ કરતો મુખ્ય વાયર (રેસો) અચાનક તૂટી ગયો હતો, જેના કારણે ભારે વજન ધરાવતો આખો લોખંડી ગેટ ધડાકાભેર નીચે પડીને ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. ગેટ તૂટી પડવાના કારણે ડેમમાં સંગ્રહિત પાણી કોઈપણ નિયંત્રણ વગર સીધું નદીના પટમાં વહેવા લાગ્યું છે. આ ઘટનાને કારણે નદીમાં અચાનક પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે અને પાણીનો પ્રવાહ ક્ષણે-ક્ષણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે.

આ ગંભીર ઘટનાની જાણ થતાં જ ભાવનગર જિલ્લા કલેક્ટર કચેરી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો એક્શન મોડમાં આવી ગઈ છે. મામલતદાર અને સ્થાનિક પોલીસની ટીમોએ તુરંત જ નદી કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં ફ્લડ હોર્ન (સાયરન) વગાડીને લોકોને સાવચેત કરવાનું શરૂ કર્યું છે. ખાસ કરીને ઉમરાળા તાલુકાના રંઘોળા, દેવળીયા, લંગાળા, ઝાંઝમેર, પીપરળી, ધારૂકા, માલપરા, ડંભાળીયા અને ચોગઠ ગામ તેમજ તેને અડીને આવેલા શિહોર તાલુકાના ભાણગઢ ગામના રહેવાસીઓને વહીવટી તંત્ર દ્વારા હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. આ તમામ ગામોના સરપંચોને લાઉડસ્પીકર દ્વારા ગ્રામજનોને ચેતવણી આપવા અને જરૂર પડે તો સ્થળાંતરની તૈયારી રાખવા સૂચના અપાઈ છે.

પ્રશાસન દ્વારા નદી કિનારાના તમામ રસ્તાઓ અને પટ વિસ્તારમાં નાગરિકો માટે અવરજવર કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. કોઈ પણ વ્યક્તિને સેલ્ફી લેવા કે પૂર જોવા નદી નજીક ન જવા કડક તાકીદ કરાઈ છે. માટીના કે કાચા મકાનોમાં રહેતા લોકોને પાકા મકાનો અથવા ગામના કોમ્યુનિટી હોલ આશ્રય સ્થાનો પર ખસી જવા જણાવાયું છે.

# અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે ભાવનગર સુધી લંબાવાશે

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેને ભાવનગર સુધી લંબાવવાનું કામ આગામી ૩ મહિનામાં શરૂ થશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ગુજરાતના નેશનલ હાઈવેના કામોની સમીક્ષા બેઠકમાં આ જાહેરાત કરી હતી. આ એક્સપ્રેસ-વે શરૂ થતા અમદાવાદથી ભાવનગર માત્ર ૨ કલાકમાં પહોંચી શકાશે, જે હાલ ૪ કલાકનો સમય લે છે. અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેને ભાવનગર સુધી લંબાવવાની કામગીરી આગામી ૩ મહિનામાં શરૂ કરાશે. આ એક્સપ્રેસ-વે શરૂ થતાં જ સામાન્ય ટ્રાફિકમાં બે કલાકમાં અમદાવાદથી ભાવનગર પહોંચાશે. હાલ આ મુસાફરીમાં ચાર કલાક જેટલો સમય થાય છે. કેન્દ્રીય રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રાજ્યના નેશનલ હાઈવેના કામોની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકના પ્રેઝન્ટેશનમાં મુખ્યત્વે વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે-૪૮ના સિક્સ લેન, મોરબી-સામખિયાળી માર્ગ પરના સામખિયાળી-માળિયા સેક્શન પરના કામો, રાજકોટ-ગોંડલ-જેતપુર રોડ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે, અમદાવાદ-ગોધરા-ઈન્દોર રોડ તેમજ જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે, પાલનપુર-સામખિયાળી કોરિડોર અને અમદાવાદ-શામળાજી સિક્સ લેન પ્રોજેક્ટ્સની વિગતો આપી હતી.અલાઈનમેન્ટમાં આવતા વૃક્ષોનું તે જ રોડ પર અન્યત્ર ટ્રાન્સપ્લાન્ટ કરીને રોડ વિસ્તરણ થાય તે માટે પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

### સોમવારથી ચાલશે ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર

# સુરતમાં ખાડી પૂરની સમસ્યાનો આવી શકે છે હવે કાયમી ઉકેલ

## મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ખાડી પરના તમામ ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા નિર્ણય

સુરત, તા.૧૧

સુરત શહેરમાં ભારે વરસાદે દરેક વિસ્તારોનો રસાતાળ વાળ્યો હતો, એનું કારણ ખાડીઓ છે. શહેરમાં વર્ષોથી માથાનો દુખાવો બનેલી ખાડી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે હવે વહીવટી તંત્ર આક્રમક મૂડમાં આવી ગયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય બાદ સુરત મહાનગરપાલિકા (SMC) દ્વારા ખાડીના પટમાં આવેલા તમામ ગેરકાયદેસર બાંધકામોને દૂર કરવા માટેની 'મેગા ડિમોલિશન ડ્રાઈવ'ની જાહેરાત કરવામાં આવી છે. આ કામગીરીનો પ્રારંભ આગામી સોમવારથી યુદ્ધના ધોરણે કરવામાં આવશે.

મુખ્યમંત્રી મુખ્યમંત્રી ભૂપેન્દ્રના નિવાસસ્થાને મળેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં સુરતના મેયર, સ્થાનિક ધારાસભ્યો, કલેક્ટર અને SMCના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે સુરતના નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જવા માટે ખાડી પરના દબાણો મુખ્ય જવાબદાર છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલા તાજેતરના સર્વેમાં ખાડીના વિસ્તારમાં મોટા પાયે ગેરકાયદેસર દબાણો હોવાનું બહાર આવ્યું છે. આ દબાણોને કારણે ખાડીનો કુદરતી પ્રવાહ અવરોધાય છે. પરિણામે, જ્યારે પણ ભારે વરસાદ પડે છે ત્યારે પાણીનો નિકાલ યોગ્ય રીતે ન થતાં પાણી આસપાસના રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જાય છે અને પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાય છે.

આ સમસ્યાને પહોંચી વળવા માટે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલે અધિકારીઓને કડક સૂચનાઓ આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે દબાણ હટાવવાની કામગીરીમાં કોઈપણ પ્રકારની ઢીલાશ કે પક્ષપાત સહન કરવામાં આવશે નહીં. તમામ નડતરરૂપ બાંધકામોને ત્વરિત અસરથી દૂર કરવા આદેશ અપાયા છે. આ સંદર્ભે SMC કમિશનર એમ. નાગરાજને જણાવ્યું હતું કે, માત્ર દબાણ હટાવવું પૂરતું નથી, પરંતુ ખાડીઓના વિકાસ અને વ્યવસ્થાપન માટે રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ એક લાંબા ગાળાના આયોજનબદ્ધ પ્લાન પર કામ કરવામાં આવશે.

વહીવટી તંત્રના આ નિર્ણયને આવકારી રહ્યા છે. જો આ ડિમોલિશન ડ્રાઈવ સફળતાપૂર્વક પૂર્ણ થશે, તો વર્ષોથી દર ચોમાસે પૂરના ભય અને પાણી ભરાવાની સમસ્યાથી પીડાતા લાખો સુરતીઓને મોટી રાહત મળશે. આગામી સોમવારથી શરૂ થનારી આ કાર્યવાહી સુરત શહેરને પૂરમુક્ત બનાવવા તરફનું એક મોટું અને નિર્ણાયક પગલું માનવામાં આવી રહ્યું છે.

### કેનેડા જવાની લાલચ પડી મોંઘી પડી!

# હિંમતનગરમાં યુવતીએ ૭ લોકોને ૧.૩૭ કરોડનો ચૂનો લગાવ્યો

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં વિદેશ જવાની ઘેલછા ધરાવતા યુવાનોને નિશાન બનાવીને લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. હિંમતનગરમાં પ્રીતિ ઈન્સ્ટિટ્યુટના નામે સંસ્થા શરૂ કરનાર એક યુવતીએ કેનેડાના વર્ક વિઝા અપાવવાની લાલચ આપી અનેક લોકો સાથે કરોડોની ઠગાઈ કરી છે.

હિંમતનગરમાં પ્રીતિબેન પ્રશાંતભાઈ વ્યાસ નામની યુવતીએ ઈન્સ્ટિટ્યુટ શરૂ કરી હતી. આ સંસ્થાની આડમાં તેણે વિદેશ જવા ઈચ્છુક યુવાનોને કેનેડાના વર્ક વિઝા અપાવવાની ખોટી લાલચ આપી હતી. આ લાલચમાં આવીને ફરિયાદી પ્રિયમસિંહ ભરતસિંહ સીસોદીયાએ પણ વિઝા મેળવવા માટે પ્રીતિ વ્યાસને મોટી રકમ ચૂકવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રીતિ વ્યાસે માત્ર ફરિયાદી પાસેથી જ નહીં, પરંતુ અન્ય લોકોને પણ વિઝાના બહાને પોતાના જાળમાં ફસાવ્યા હતા. ફરિયાદી અને અન્ય ૬ લોકો મળીને કુલ ૧ કરોડ ૩૭ લાખ રૂપિયાની માતબર રકમ આ ઠગ યુવતીએ પચાવી પાડી છે.ફરિયાદી પ્રિયમસિંહ પાસેથી પ્રીતિ વ્યાસે કેનેડાના વર્કવિઝાના નામે ૨૩ લાખ રૂપિયા લીધા હતા. લાંબો સમય વીતી ગયા બાદ પણ વિઝા ન મળતા અને શંકા જતાં ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી હતી. જોકે, ઠગ યુવતીએ માત્ર ૪ લાખ રૂપિયા પરત આપીને બાકીના ૧૯ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. આ સમગ્ર મામલે હિંમતનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ પોલીસ હરકતમાં આવી ગઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પ્રીતિ વ્યાસે અન્ય લોકોને પણ આવી જ રીતે શિકાર બનાવ્યા છે.ફરિયાદ દાખલ થવાની જાણ થતા જ આરોપી પ્રીતિ વ્યાસ ઘર છોડીને ભૂગર્ભમાં ઉતરી ગઈ છે. હાલ હિંમતનગર પોલીસ દ્વારા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ ગેંગ કે કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ અને કેટલા લોકો આ કૌભાંડનો ભોગ બન્યા છે.

# સુરતઃ ખાડી પૂરના કહેરે વેપારીની ૨૦ વર્ષની મહેનત પર પાણી ફેરવ્યું

## વેપારીએ મીડિયા સમક્ષ પોતાની વેદના વ્યક્ત કરતાં જણાવ્યું કે છેલ્લા ૨૦ વર્ષથી મહેનત કરીને વ્યવસાય ઉભો કર્યો હતો

સુરત, તા.૧૧

સુરત શહેરમાં તાજેતરમાં આવેલા ખાડી પૂરના કારણે અનેક રહેણાંક વિસ્તારો સાથે વેપાર-ધંધાને પણ ભારે ફટકો પડ્યો છે. ખાડીના ગંદા પાણી ગોડાઉનો અને દુકાનોમાં ઘૂસી જતાં અનેક વેપારીઓને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આવી જ એક કરુણ ઘટના સામે આવી છે, જેમાં એક અનાજના વેપારીનું ગોડાઉન પાણીમાં ગરકાવ થતાં લાખો રૂપિયાનું અનાજ સંપૂર્ણપણે પલળી ગયું છે.

ખાડીના ગંદા અને દુર્ગંધયુક્ત પાણીના કારણે ગોડાઉનમાં રાખવામાં આવેલું અનાજ હવે વેચાણલાયક રહ્યું નથી. પાણીમાં પલળેલા અનાજમાંથી ભારે દુર્ગંધ આવવા લાગી છે, જેના કારણે વેપારીને માત્ર આર્થિક નુકસાન જ નહીં પરંતુ સમગ્ર જથ્થો નાશ પામવાની સ્થિતિ ઊભી થઈ છે. હજુ પણ ગોડાઉનમાં લાખો રૂપિયાનું અનાજ પાણીમાં પલળેલી હાલતમાં પડ્યું છે અને તેને બહાર કાઢવાની કામગીરી પણ પડકારરૂપ બની છે.

વેપારીએ મીડિયા સમક્ષ પોતાની વેદના વ્યક્ત કરતાં જણાવ્યું કે છેલ્લા ૨૦ વર્ષથી સતત મહેનત કરીને તેમણે પોતાનો વ્યવસાય ઉભો કર્યો હતો.

વર્ષોની મહેનત, બચત અને વિશ્વાસના આધારે ઊભા કરેલા ધંધાને એક જ પૂરે બરબાદ કરી નાખ્યો. તેમણે કહ્યું કે, ×૨૦ વર્ષની મહેનત ઝીરો થઈ ગઈ. આખી જિંદગીની કમાણી અને પરિશ્રમ પાણીમાં વહી ગયો.×

પોતાની વાત કરતાં વેપારી ભાવુક બની ગયા હતા અને તેમની આંખોમાંથી આંસુ સરકી પડ્યા હતા. પરિવારનું ભરણપોષણ અને વેપાર ફરીથી કેવી રીતે ઉભો કરવો તે અંગે તેમણે ભારે ચિંતા વ્યક્ત કરી હતી.

ખાડી પૂરના કારણે શહેરના અનેક વેપારીઓ આવી જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. દુકાનો, ગોડાઉનો અને માલસામાનને થયેલા નુકસાનને કારણે વેપારીઓમાં ભારે નિરાશા જોવા મળી રહી છે. વેપારીઓનું કહેવું છે કે જો સમયસર ખાડીઓની સફાઈ, દબાણો દૂર કરવાની કામગીરી અને વરસાદી પાણીના નિકાલની અસરકારક વ્યવસ્થા કરવામાં આવી હોત તો આવી સ્થિતિ સર્જાઈ ન હોત.

વેપારીઓએ સરકાર અને સુરત મહાનગરપાલિકા સમક્ષ નુકસાનનું સર્વેક્ષણ કરી યોગ્ય વળતર તેમજ તાત્કાલિક સહાય આપવાની માંગણી કરી છે. સાથે જ ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ફરી ન સર્જાય તે માટે ખાડી પૂરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની પણ અપીલ કરી છે.

ખાડી પૂરના કારણે માત્ર માલસામાન જ નહીં, પરંતુ અનેક પરિવારોની વર્ષોની મહેનત અને જીવનભરની કમાણી પર પણ પાણી ફરી વળ્યું છે. હવે અસરગ્રસ્ત વેપારીઓને તંત્ર તરફથી કેવી અને કેટલી મદદ મળે છે, તેના પર સૌની નજર મંડાઈ છે.


### વેપારીઓને ભારે આર્થિક નુકસાન

# સુરતમાં ટેક્સટાઈલ માર્કેટના બેઝમેન્ટ હજુ પણ પાણીમાં ડૂબેલા

## પૂર એટલી ઝડપે આવ્યું હતું કે વેપારીઓ અને ગ્રાહકોને પોતાના વાહનો હટાવવાનો મોકો મળ્યો ન હતો

સુરત,તા.૧૧

સુરતમાં ભારે વરસાદ અને સ્થાનિક ખાડી ઓવરફ્લો થવાને કારણે સર્જાયેલી ખાડીપૂરની સ્થિતિ હવે ધીમે-ધીમે નિયંત્રણમાં આવી રહી છે. સુરતના મોટાભાગના રહેણાંક વિસ્તારો અને મુખ્ય માર્ગો પરથી પૂરના પાણી સંપૂર્ણપણે ઓસરી ગયા છે અને વાહનવ્યવહાર પૂર્વવત થયો છે. પરંતુ, સુરતની આર્થિક કરોડરજ્જુ ગણાતા રીંગ રોડ ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારમાં પૂરના કારણે સર્જાયેલી તારાજીના અસલી દ્રશ્યો હવે સામે આવી રહ્યા છે. સુરતના અગ્રણી કાપડ માર્કેટોના કમ્પાઉન્ડ અને રસ્તા સાફ થઈ ગયા છે, પરંતુ માર્કેટોના અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ અને લોઅર પાર્કિંગ




એરિયા હજુ પણ પૂરના પાણીથી ભરેલા છે.

સુરત કાપડ માર્કેટમાંથી દરરોજ દેશભરમાં હજારો ટ્રક ભરીને કાપડના પાર્સલ મોકલવામાં આવે છે. ટ્રાન્સપોર્ટમાં મોકલવાના બાકી હોય અથવા તો ડિલિવરી માટે આવેલા હોય તેવા હજારો કાપડના પાર્સલો વેપારીઓએ સુરક્ષિત સમજીને માર્કેટના બેઝમેન્ટ પાર્કિંગ એરિયામાં રાખ્યા હતા. ખાડીના પૂરના પાણી અચાનક માર્કેટના ભોંયરાઓમાં ઘૂસી જતાં, આ તમામ કિંમતી કાપડના પાર્સલો દિવસોથી પાણીમાં ડૂબેલા રહ્યા છે. કાપડના તાકા અને તૈયાર વસ્ત્રો ગંદા પાણીમાં પલળી જવાથી તે સંપૂર્ણપણે નકામા થઈ ગયા છે. આ ઉપરાંત બેઝમેન્ટમાં આવેલી હજારો નાની-મોટી દુકાનોમાં પણ ૫ થી ૭ ફૂટ સુધી પાણી ભરાઈ જતાં અંદર રાખેલો ફર્નિચર, કમ્પ્યુટર સિસ્ટમ અને સ્ટોક નાશ પામ્યો છે, જેનાથી વેપારીઓને કરોડો રૂપિયાનું આંધણ નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

પૂર એટલી ઝડપે આવ્યું હતું કે વેપારીઓ અને ગ્રાહકોને પોતાના વાહનો હટાવવાનો મોકો મળ્યો ન હતો. પરિણામે, બેઝમેન્ટ પાર્કિંગમાં પાર્ક કરેલી અસંખ્ય મોંઘીદાટ કારો અને માલસામાનની હેરફેર કરતા હજારો કોમર્શિયલ ટેમ્પો પણ છાપરા સુધી પાણીમાં ગરકાવ થઈ ગયા છે. એન્જિનમાં પાણી ઘૂસી જવાથી વાહનો સ્ક્રેપ જેવા થઈ ગયા છે.

હાલમાં માર્કેટ એસોસિએશનો અને સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે મોટા પંપ મૂકીને બેઝમેન્ટમાંથી પાણી બહાર ફેંકવાની કામગીરી ચોવીસે કલાક ચલાવવામાં આવી રહી છે. જોકે, પાણીનો જથ્થો એટલો વધારે છે કે સંપૂર્ણ ભોંયરાઓ ખાલી કરતાં હજુ બે થી ત્રણ દિવસનો સમય લાગી શકે તેમ છે. આ આફતને કારણે સુરતના કાપડ ઉદ્યોગને આગામી તહેવારોની સીઝન પૂર્વે જ મોટો ફટકો પડ્યો છે.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

12-07-2026_28 Jan Fariyad_New_P-2